કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવા બાબત.

ગુજરાત સરકાર
સામાન્ય વહીવટ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ કકપ/૧૦૨૦૧૫/૧૬૩/ક
સચિવાલય, ગાંધીનગર
તા.૧૫/૦૪/૨૦૨૧

વંચાણે લીધા :-

(૧) સા.વ.વિ.નો તા.૨૦/૦૬/૨૦૧૫ નો પરિપત્ર ક્રમાંકઃ પરચ/૧૦૨૦૦૫/૧૫૧૯/પાર્ટ.૧/ક
(૨) સા.વ.વિ.નો તા.૦૬/૦૮/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંકઃ કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક
(૩) સા.વ.વિ.નો તા.૦૪/૦૫/૨૦૧૬ નો ઠરાવ ક્રમાંકઃ કકપ/૧૦૨૦૦૫/૧૬૩/ક

આમુખ

સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પરિપત્રથી "જે અધિકારીઓ / કર્મચારીઓએ ૫૦ વર્ષ પૂરા કરેલ હોય તેઓને અને હવે પછી જે અધિકારીઓ / કર્મચારીઓ જે તારીખે ૫૦ વર્ષ પૂરા કરશે તે તારીખથી તેઓને કોમ્પ્યુટર કૌશલ્યની સંબંધિત પરીક્ષા (CCC/CCC+) પાસ કરવામાંથી મુક્તિ આપવાની રહેશે અને આ રીતે મુક્તિ મેળવેલ કર્મચારીઓ / અધિકારીઓ ઉચ્ચતર પગાર ધોરણ / બઢતી મેળવવાને પાત્ર ગણાશે" તે મુજબની સુચનાઓ પ્રસિધ્ધ કરવામાં આવેલ છે.

તેમજ સામાન્ય વહીવટ વિભાગના ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) પરના ઠરાવોથી "જે કર્મચારી / અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઇઓ / શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા કર્મચારી / અધિકારીઓએ પસંદગી યાદીના છેલ્લા ક્રમ પરના ઉમેદવારને બઢતી આપવામાં આવે અથવા બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠકની તારીખથી એક વર્ષ, તે બે માંથી જે મોડુ હોય ત્યાં સુધીમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હશે તો જ તેઓને બઢતી આપવાની રહેશે. આ અંગે જે તે વિભાગ / કચેરીએ સંબંધિત કર્મચારી / અધિકારીને ખરેખર બઢતી આપવામાં આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરી હોવાની ચકાસણી કરવાની રહેશે" તે મુજબની જોગવાઈ કરવામાં આવેલ છે.

આથી, ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૧) પરના પરિપત્રની સુચનાઓ ધ્યાને લઇ, ઉક્ત વંચાણે લીધેલ ક્રમ (૨) અને (૩) પરના ઠરાવોથી થયેલ ઉપરોક્ત જોગવાઇમાં આથી નીચે મુજબનો સુધારો ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

જે કર્મચારી / અધિકારીઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ નથી પરંતુ તેઓ બઢતીની અન્ય તમામ જોગવાઇઓ / શરતો સંતોષતા હોય તો તેઓને બઢતી માટે યોગ્ય ગણી તેઓનું નામ પસંદગી યાદીમાં સમાવવાનું રહેશે. પરંતુ આવા કર્મચારી / અધિકારીઓએ પસંદગી યાદીના છેલ્લા ક્રમ પરના ઉમેદવારને બઢતી આપવામાં આવે અથવા બઢતી માટેની ખાતાકીય પસંદગી સમિતિની બેઠકની તારીખથી એક વર્ષ, તે બે માંથી જે મોડુ હોય ત્યાં સુધીમાં કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કર્યેથી કે ૫૦ વર્ષ પૂર્ણ કર્યેથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હશે તો જ તેઓને નિયમોનુસારની બઢતી આપવાની રહેશે. આ અંગે જે તે વિભાગ / કચેરીએ સંબંધિત કર્મચારી / અધિકારીને ખરેખર બઢતી આપવામાં આવે ત્યારે તેઓએ કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરેલ હોવાની કે ૫૦ વર્ષ પૂર્ણ કરવાથી કોમ્પ્યુટર કૌશલ્યની CCC/CCC+ પરીક્ષા પાસ કરવામાંથી મુક્તિ મેળવેલ હોવાની પુરતી ખરાઈ કરી લેવાની રહેશે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(આનંદ બિહોલા)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ
ગુજરાત સરકાર

પ્રતિ,

- પરમ સમ્માનનીય રાજયપાલશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી
- માન. નાયબ મુખ્યમંત્રીશ્રીના અંગત સચિવશ્રી
- માન. મંત્રીશ્રી / રા.ક.મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર

- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રિબ્યુનલ, ગાંધીનગર
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર
- ઉપસચિવશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / રાજકોટ
- એડીશનલ એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ / ગાંધીનગર
- સામાન્ય વહીવટ વિભાગના સર્વે અધિકારીઓ / સર્વે શાખાઓ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ / ગાંધીનગર
- રેસીડેન્ટ ઓડીટ ઓફીસરશ્રી, અમદાવાદ / ગાંધીનગર
- સચિવાલયના સર્વે વિભાગો(સર્વે ખાતાના વડાઓ / ખાતાના નિયંત્રણ હેઠળની સર્વે કચેરીઓના તાત્કાલિક ધ્યાને લાવવા અંગે લેખિત સુચનાઓ પરિપત્રિત કરવાની સૂચના સહ).
- સીસ્ટમ મેનેજરશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાન્ય વહીવટ વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ GSWAN પર સા.વ.વિ. / ક-શાખાનાં ઠરાવ સંગ્રહમાં આ ઠરાવ અપલોડ કરવા જરૂરી કાર્યવાહી કરવા સારુ.
- નાયબ સેકશન અધિકારી - સિલેકટ ફાઇલ
- શાખા સિલેકટ ફાઇલ.

---

- પત્ર દ્વારા.